સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

નેતાઓ ઝેરીલાં નિવેદનોથી ચૂંટાઇ જાય છે,
છૂટતો નથી દ્વેષ, વિરોધીઓ અંટાઇ જાય છે.
ઘૂંટાઇ જાય છે બહુમતે લોકશાહીનું ગળું -
વાવાઝોડાં જેમ સ્વપ્નો-વચનો ફંટાઇ જાય છે

હાઇકુ

આવ્યું તો નહીં !
આપણું ચોમાસું ય
ઉપાડી ગયું ?!

પહેલી-વાર
સતર્ક-જાગૃતિનું
થયું દર્શન!!

ચિંતન

અપ્રિકારષ્વનાદરો ન કર્તવ્યઃ ।

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

શત્રુને ઉદાસીન નિહાળી તેની ઉપેક્ષા ના કરો. આક્રમણખોર શત્રુ કોઈ કારણસર શાંતિને વળગી શાંત હોય તો તે શત્રુતા ભૂલી ચૂક્યો છે એવો અર્થ ના ઘટાવવો જોઈએ. શત્રુ પ્રત્યેની જરા સરખી પણ બેદરકારી ભયંકર અનિષ્ઠ જનક છે. કારણ કે શત્રુ હંમેશા શત્રુ જ હોય છે. એની શાંતિ પણ ખતરનાક હોય છે.

જેની રગ-રગમાં શત્રુતા વહેતી હોય એવા દુશ્મન બાહ્ય રીતે 'ભાઈ-ભાઈ' કે મૈત્રીનો દેખાવ કરે સાથે હિચકે બેસીને 'ચા' પણ પી જાય પરંતુ એથી એનો કંઈ સ્વભાવ બદલી ગયો છે એવું માની ન લેવું જોઈએ. જમીન અને જરનું ભૂખ્યું 'ચીન'ની રગોમાં ભારત વિરુદ્ધ શત્રુત્વનું લોહી વહે છે એ કદી નહીં સુધરે.

સુવિચાર

- ઈશ્વર પ્રાપ્તિની અપેક્ષા પણ ખરી પડે અને મોક્ષની કે સ્વર્ગની લાલચ પણ છૂટી જાય ત્યાર પછી આપણી પાસે જે ઉમદા તત્વ રહે તેને હું દર્મ સમજું છું - **મોરારિ બાપુ**
- જગતમાં મહાન થવાની સ્પર્ધા નથી થતી, મહાન સાબિત થવાની જ સ્પર્ધા થતી રહે છે - **અખંદ આનંદ**
- કોઈ પણ વ્યક્તિનું ચારિત્ર્ય માપવું હોય તો એની સંવેદનશીલતા દ્વારા માળી શકાય - **એસ. ભટ્ટાચાર્ય**
- કેટલાક ખોટા ખ્યાલો, ભ્રાન્તિઓ કે પૂર્વગ્રહો માણસ પોતાના મનમાં ઠાંસી-ઠાંસીને ભરે છે અને પછી આખી જિંદગી એ બધાની ગુલામી કરતો રહે છે - **હરિન્દ્ર દવે**
- સત્ય અને પ્રિય એ બેમાંથી કોઈ એક જ વિકલ્પ પસંદ કરવાનો આવે ત્યારે માણસ કયો વિકલ્પ પસંદ કરે છે એના આધારે તેનું ચારિત્ર્ય મપાઈ જાય છે - **જીવનસૂત્ર**
- સાચા માણસને સોગંદની જરૂર પડતી નથી, અને ખોટા માણસ સોગંધને ગાંઠતો નથી - **અમૃતિ પ્રિતમ**
- આજનું ઔષધ : નવશેકા પાણીમાં ચપટીક હીંગ નાખી એનીમા લેવાથી તાત્કાલીક પેટ સાફ થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

મુલ્લા નસરુદ્દીન મરણ પથારી પર હતો ત્યારે તેના ધર્મગુરુએ એની પાસે આવી કહ્યું, 'હવે તો પરમાત્માને યાદ કરીને પ્રાર્થના કરી લો... અને જે પાપ કર્યા છે તેને માટે પશ્ચાતાપ કરી દો...' મુલ્લાએ આંખ ખોલી કહ્યું, હું તો જે પાપો મેં નથી કર્યા તેનો પસ્તાવો કરી રહ્યો છું. હવે મરવાનો વખત છે ત્યારે થાય છે કે એવા ઘણા બધા પાપ હતાં જે કરવાનું ખૂબ મન હતું પણ તે ન કરી શક્યો.' ધર્મગુરુને મુલ્લાની વાત સમજાઈ નહીં એટલે પૂછ્યું. 'આ તું શું બકવાસ કરે છે ? તને ફરી જન્મ મળશે તો ફરીથી તું આવા પાપ કરીશ. ફરીથી આવું જીવન જીવીશ ??' મુલ્લાએ કહ્યું, 'નહિં, હું આવતા જન્મમાં મારી જીવનપદ્ધતિમાં ઘણાં ફેરફાર કરીશ. આ જિંદગીમાં પાપ કરવાનું મેં ખૂબ મોડું શરૂ કર્યું. આવતા જન્મમાં થોડી વહેલી શરુઆત કરીશ.' આપણા સૌની આવી મનોદશા છે. મરતી વખતે આપણને પશ્ચાતાપ થશે, એવી સ્ત્રીઓ માટે જે આપણને ન મળી, એટલા ધન માટે જે આપણે ન મેળવી શક્યા. એવા ઊંચા પદ-પ્રતિષ્ઠા માટે જે આપણે મેળવી ન શક્યા. ટૂંકમાં જે મેળવવા યોગ્ય ન હતું તેના માટે ન મળવાનો પસ્તાવો થશે.

પાકિસ્તાનને પાંસરું કરવાની રાજનીતિ

તંત્રીસ્થાનેથી...

અત્યાર સુધીના કોઈ પણ વડાપ્રધાન કરતાં વધુ કડકાઈ બતાવી પાકિસ્તાનને સીધું કરવાની રાજનીતિમાં નરેન્દ્ર મોદી સફળ રહ્યા છે. પહેલી વાર વડાપ્રધાન બન્યા ત્યારે એમણે ઉમળકાભેર તત્કાલીન વડાપ્રધાન નવાઝ શરીફને શપથવિધિ સમારોહમાં નોતર્યા હતા. શરીર સાથે ઘર જેવા સંબંધો સ્થાપીને એમણે પૂર્વસૂરિ અટલબિહારી વાજપેયીના રસ્તે ચાલવાનું શરૂ કર્યું હતું પરંતુ જેમ વાજપેયીની પાકિસ્તાન પૉલિસી સરિયામ નિષ્ફળ ગઈ હતી એમ મોદીની શરાફતભરી કૂટનીતિને પણ અવળો પ્રતિસાદ સાંપડ્યો હતો. કાશ્મીર મુદ્દે પાકિસ્તાનનો કોઈ પણ નેતા ભારતને અનુકૂળ એવું સમાધાન સ્વીકારી શકતો જ નથી, એ સત્ય હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સમજાઈ ચૂક્યું છે. એટલે વારંવાર સમાધાન અને શિખર મંત્રણાઓના ટેબલ પર આવવાનાં નોતરાં મળ્યા છતાં મોદીએ વર્તમાન વડાપ્રધાન ઈમરાન ખાનને દાદ આપી નથી. પુલવામા હુમલાના સૂત્રધારને આંતરરાષ્ટ્રીય આતંકવાદી ઘોષિત કરાવવામાં મોદીને સફળતા મળી છે પરંતુ પાકિસ્તાન અઝહર મસૂદ કે હાફિઝ સૈયદનો વાળ વાંકો કરી શકે એમ નથી કારણ કે એમને પાક આર્મી અને કુખ્યાત ગુપ્તચર એજન્સી આઈએસઆઈનો ટેકો છે કે બલકે અભયદાન મળેલું છે. પાકિસ્તાનને આતંકવાદનું પારણું માનતા દેશોએ એને આર્થિક મદદ બંધ કરી છે એટલે ઈમરાનખાન હવે સ્થાનિક કરદાતાઓના ટૅક્સ પર વધારાનો બોઝો ઝીંકીને દેશને દેવાળિયો બનતો અટકાવવા મથી રહ્યા છે. ચીન પાકિસ્તાનને 'કુદરતી મિત્ર' ગણીને હરહંમેશ એની તરફદારી કરતું રહ્યું છે. પાકિસ્તાને ચીનને વેપારવણજ માટે આખેઆખું ગ્વાદર બંદર અભરામ નંદાવે લખી આપ્યું છે. બદલામાં ચીન આઝાદ કાશ્મીરમાંથી પસાર થતાં વિશાળ પરિવહન માર્ગ પાછળ અબજો ડૉલર ખર્ચી રહ્યું છે. સૌ જાણે છે કે ખરાખરી વખતે તો ચીન પાકિસ્તાનની પડખે જ ઊભું રહેતું આવ્યું છે અને રહેવાનું છે. પરંતુ ચીનને પણ વૈશ્વિક બજારમાં ઊભી કરેલી ગુડવિલ સાચવવી છે એટલે એ ભારત અને અમેરિકા સાથે શક્ય એટલા મીઠા સંબંધો ટકાવી રાખવાની કૂટનીતિ અપનાવી રહ્યું છે. કીર્ગિસ્તાનની રાજધાની બિશ્કેકમાં શાંઘાઈ કો ઑપૉરેશન ઑર્ગેનાઈઝેનની શિખર પરિષદમાં ભારતમાં દિગ્વિજય મેળવી વડાપ્રધાનદે બીજી વાર આરૂઢ થયેલા નરેન્દ્ર મોદીએ ચીન અને રશિયાના કર્ણધારોએ ઉમળકાભેર વધાવ્યા છે. મોદીએ આ બેઉ રાષ્ટ્રો સાથે ભારતના સંબંએધો વધુ ઘનિષ્ઠ બનાવવાની દિશામાં મંત્રણાઓ પણ કરી છે. ચીનને ભારતના સહયોગની જરૂર જરા જુદા સંદર્ભે ઊભી થઈ છે. અમેરિકાએ લાદેલા નવા નિયમો ભારત અને ચીન બેઉના વેપારને પ્રતિકૂળ અસર પહોંચાડી રહ્યા છે. બેઉ મોટા દેશો આ મુદ્દે અમેરિકા વિરુદ્ધ બાંયો ચડાવે તો ટ્રમ્પને એમના આદેશો પાછા ખેંચવા પડે એવી સ્થિતિ સરજી શકાય. વ્યૂહાત્મક રીતે એશિયા ખંડના આ બે પાડોશી દેશો વચ્ચે સ્પર્ધાને બદલે સાચી મૈત્રી સ્થપાય તો વિશ્વમાં એકવીસમી સદી એશિયાની બની રહે. મોદી નસીબદાર નેતા છે. 'મોદી હૈ તો મુમકીન હૈ' નું સૂત્ર હવે તો અમેરિકન નેતાઓની જીભે પણ ચડી ચૂક્યું છે. એવી સાનુકૂળ સ્થિતિમાં ઈમરાનખાન સાથે કોઈ પણ પ્રકારની વાતચીતને નકારીને તથા ચીની નેતા આગળ - પાકિસ્તાન જ્યાં સુધી આતંકવાદીઓ સાથે નક્કર કાર્યવાહી નહીં કરે ત્યાં સુધી એની સાથે અબોલા પાળવાની વાત કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અત્યાર લગીના કોઈ પણ ભારતીય નેતા કરતાં વધુ કડક અને બોધપાઠ અપાવતું વલણ અપનાવ્યું છે. ઈમરાન ખાનને આવા અપમાનની અપેક્ષા ન જ હોય પરંતુ સામે મનમોહન કે અટલબિહારી નથી - નરેન્દ્ર મોદી છે! એ શુભચેષ્ટા બતાવવા વીવીઆઈપી મુવમેન્ટ માટે ખુલ્લી મુકાયેલી પાકિસ્તાનની એર સ્પેસનો પણ ઉપયોગ નહીં કરે!

અબ મરે હુએ કો ઔર ક્યા મારોગો સાહેબ !

અબ મરે હુએ કો ઔર ક્યા મારોગો સાહેબ !

- વેલકમ બેક

અનીસ બાઝમી દિગ્દર્શિત 'વેલકમ બેક' ૨૦૧૫માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મ ઈ.સ. ૨૦૦૭માં આવેલી. 'વેલકમ' ની સિકવલ હતી. કમનસીબે આ સિકવલ પહેલા ભાગ જેવી સુપરહીટ નીવડી નહોતી. નાના પાટેકર, અનિલ કપૂર, પરેશ રાવલ, જોન અબ્રાહમ, ડિમ્પલ કાપડીયા, શ્રુતિ હાસન, નસીરુદ્દીન શાહ જેટલા અધધ... કલાકારોનો જમાવડો આ ફિલ્મમાં હતો. પરંતુ પહેલા ભાગમાં અક્ષયકુમાર અને કેટરીના કૈફની જોડીએ વધુ સાહજીકતાથી હસાવ્યા હતા...

આ ફિલ્મના સંવાદ રાજ શાંડિલ્યએ લખ્યા હતા, અને ઉપરોક્ત સંવાદ ફિલ્મમાં રાજપાલ યાદવના મુખે બોલાવાયો છે. આમ તો આ સંવાદ અઢળકવાર અનેક ફિલ્મોમાં ઉપયોગ લેવાયો છે, અને રોજિંદા જીવનમાં પણ આપણે કહેવત કે રૂઢિપ્રયોગના સ્વરુપમાં આ સંવાદનો ઉપયોગ કરીએ છીએ...

ઈ.સ. ૨૦૧૫ની કે હમણાં કહેવાયેલી આ વાત નથી. પરંતુ ઈ.સ. છઠ્ઠી (ઈ.સ. ૫૫૦ થી ૬૧૦ની વચ્ચે) શતાબ્દીમાં થઈ ગયેલી મહાકવિ ભારવિની ઉત્તમ રચના 'કિરાતાર્જુનીયમ્' મહાકાવ્યના ૧૫માં સર્ગના છઠ્ઠા શ્લોકની પંક્તિ પણ આવું જ કંઈક સમજાવી જાય છે.

નાતિપીડયિતું ભગ્નાનિચ્છન્તિ હિ મહૌજસઃ ॥

- કારણ કે મહાવીરો અને શૂરવીરો જે લોકો તૂટી ચૂક્યા છે, ભાંગી પડ્યા છે તેમને અધિક પીડા આપવાનું નથી ઈચ્છતા.

'મરેલાને વધુ શું મારવો' આ ઉક્તિ કોઈ ગુનો કરીને સજા ભોગવતા વ્યક્તિ માટે અથવા અત્યંત દુઃખને વરેલા વ્યક્તિ માટે પ્રયોજવામાં આવે છે, જ્યારે તે પાપ કર્યાના બોજથી અધમુઆ જેવી દશાને પ્રાપ્ત થયો હોય છે, ત્યારે વળી જો તેને કોઈ ઉપાલંભના વચનો સંભળાવે તો કોઈ શાણો માણસ અથવા તે ભાંગી પડેલો વ્યક્તિ સ્વયં આ ઉક્તિ બોલે છે.

પરંતુ અહીં રોચક વાત એ છે કે સંસ્કૃત સાહિત્ય પાસે 'હર મર્ઝ કી દવા હૈ' છેક પાંચમી સદીના અંતમાં ભારવિની

ડાયલોગથી દેવભાષા
ડૉ. જય ઓઝા

એકમાત્ર ઉત્તમ કૃતિમાં આ જ અર્થસામ્ય વાળું વાક્ય મળી આવે છે તે, સંસ્કૃત સાહિત્યનું અમરત્વ દર્શાવે છે.

૧૮ સર્ગોમાં વહેંચાયેલું આ મહાકાવ્ય ૧૦૪૦ શ્લોકથી સંપન્ન છે.

jayuoza@gmail.com
Mo.9898046488

રવિવારે વાર્તાવાચિકમ્

વૃત્ત સંચય

● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા યોજાતા સાહિત્યિક કાર્યક્રમોમાં; કાર્યક્રમ 'વાર્તાવાચિકમ્, કાવ્યપઠન, નાટક (એકાંકી) પઠન તથા તે અન્વયે વિચારવિમર્શ ને રવિવારે, બપોરે ૧.૦૦ થી ૪.૦૦ દરમિયાન, ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનના સમિતિ ખંડમાં, સે-૧૨, ગ-રોડ' ગાંધીનગર, ખાતે યોજાશે; જેમાં કવિ અને વાર્તાકાર રમણ વાઘેલા (ગાંધીનગર) બે વિદેશી વાર્તાઓનું પઠન કરશે, જયારે કવિ હિતેન્દ્ર હિતકર (ચાંદખેડા) સ્વરચિત કાવ્યોનું સ્વમુખે પઠન કરશે અને ત્યારબાદ; આ રજૂ થયેલ કૃતિઓ અન્વયે પીઢ કવિઓ/લેખકો વિચાર-વિમર્શ કરી, કૃતિઓ વિષે સમીક્ષા/વિવેચન કરશે. આથી આ સાહિત્યિક કાર્યક્રમને માણવા અચૂક પાધરવા, સભ્યો સાહિત્યરસિકો/ભાવકો અને મહાનુભાવોને જાહેર હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● બિહાર હિન્દી સાહિત્ય શતાબ્દી સંમેલનમાં દેશના ૧૦૦ સર્જકોનું સન્માન કરવામાં આવ્યું, જેમાં ગુજરાતમાંથી હિન્દી સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર અને ગુજરાતી સાહિત્યમાં નવલકથા, નવલિકા, નિબંધ, ચિંતનાત્મક સાહિત્ય અને રેખાચિત્રો દ્વારા મહત્વનું યોગદાન આપનાર અને ગુજરાતના મુનશી પ્રેમચંદ ગણાતા મૂર્ધન્ય સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈનું સન્માન કરાયું હતું. બિહાર ખાતે યોજાયેલ આ સન્માન સમારોહમાં તેમણે મનનીય પ્રવચન પણ આપ્યું હતું અને રાજગીર પૂર્વ વિધાનસભાના સભ્ય અમિતકુમાર પાસવાને ડૉ. દેસાઈને ભગવાન બુદ્ધ સ્મૃતિ ચિહ્ન અને નાલંદાનું ઐતિહાસિક પુસ્તક આપીને સન્માન કર્યું હતું. ડૉ. દેસાઈએ નાલંદાની પ્રાચીનતા અને ઐતિહાસિકતા વિષે એક પુસ્તક લખવાનું વચન આપી, સર્વેની સરાહના મેળવી હતી. ડૉ. કેશુભાઈને આ ગૌરવપૂર્ણ સન્માન બદલ અભિનંદન સહ શુભ કામનાઓ.

muljibhaidhadhi@gmail.com
Mo. 9824366893

કામણગારા કચ્છનું જંગમતીર્થ : કાન્તીસેન શ્રોફ (કાકા)

કચ્છમાં જવું અને 'કાકા' (કાંતિસેન શ્રોફ)ને મળવું એ બન્ને બાબત હમેશા એક લહાવા સમાન છે. જેમ સ્થાયી તથા સ્થિર તીર્થસ્થાનોનું એક મહત્વ છે તેજ રીતે જંગમ તીર્થસ્થાનોનું પણ આગવું મૂલ્ય છે. આવા જંગમ તીર્થસ્થાનો વિશે માનસમાં તુલસીએ લખ્યું છે :

મુદ મંગલમય સંત સમાજુ
જો જગ જંગમ તીરથરાજુ.

સંતો કે સર્વ માટે મંગલમય સુકાર્યો કરનાર લોકોને મળવું એ તીર્થયાત્રા સમાન છે. એ રીતે જોઇએ તો કચ્છમાં કાકાને મળીએ ત્યારે તીર્થયાત્રા કર્યા જેવી પ્રસન્નતા તેમજ ગૌરવનો અનુભવ થાય છે. કર્મયોગી જીવનના નવ દાયકાનું સુદીર્ઘ આયુષ્ય વટાવીને આજે પણ કાન્તીભાઇ સતત પ્રેરણાના સ્ત્રોત સમાન છે. આવા વ્યક્તિત્વોને જંગમ તીર્થસ્થાન કહીએ તો એ અતિશયોક્તિ નહિ ગણાય એમ માનું છું.

નાના મોટા ઉદ્યોગગ્રહો પોતાને વ્યવસાયમાંથી મળતા નફામાંથી અમૂક ભાગ જન હીતાર્થે ખર્ચે તેવી એક કાનૂની જોગવાઇ કરવામાં આવી તે ઉચિત છે. પરંતુ આવી કોઇ કાયદાકીય જોગવાઇ ન હતી ત્યારે પણ નાનજી કાળીદાસ મહેતા કે અંબાલાલ સારાભાઇ જેવા દીર્ઘદ્રષ્ટા લોકોએ પોતે કમાયેલા નફામાંથી અમૂક ભાગ લોકસમૂહના કલ્યાણ માટે સ્વેચ્છાએ વાપરતા હતા. દેશની સરહદોની પાર પણ નાનજી કાળીદાસ મહેતાની ઉદાર સખાવતોથી સ્થપાયેલા અનેક જન ઉપયોગી સ્થળો આજે પણ કીર્તિગાન કરતા ઉન્નત શિરે ઊભા છે. કાન્તીકાકા આવી ઉજળી ધરોહરની મજબૂત કડી સમાન છે. કર્મયોગીના જીવનમાં નિવૃત્તિ શબ્દને સ્થાન નથી. આ વાત કાકાને અક્ષરસઃ લાગુ પડે છે. કુદરતના અનેક સ્થાયી સ્વરૂપો પણ ક્યાં કદી રજા પાડે છે ? કવિ કાગે લખ્યું છે :

આભના થાંભલા રોજ ઊભા રહે
વાયુનોવીંઝણો રોજ હાલે
ઉદયને અસ્તના દોરડા ઉપરે
નટ બની રોજ રવિરાજ મહાલે
ભાગતી ભાગતી પડી જતી પડી જતી
રાત નવ સૂર્યને હાથ આવે,
કર્મવાદી બધા કર્મ કરતા રહે,
એમને ઊંઘવું કેમ ફાવે ?

કાકાનું જીવન આવું કર્મવાદી છે. કાકા વિશે વિદ્વત જન હરેશ ધોળકિયાએ લખેલી પુસ્તીકા ગોરધનભાઇ કવિ (વી.આર.ટી.આઇ. માંડવી-કચ્છ) એ સ્નેહથી મોકલી આપી અને તે પહેલા કાકાને મળવાનો પ્રસંગ પણ યોગાનુયોગ બન્યો. આથી કાકાના ઉજ્વળ જીવનની અનેક ભાતીગળ ઘટનાઓ નજર સામે તરવરતી રહી. જયકૃષ્ણ ઈન્દ્રજી તથા રાયસંગ માલમ જેવા દિગ્ગજોની કચ્છની આ ભૂમિમાંજ કાન્તીકાકાનું કાર્ય મહોરી ઊઠ્યું છે. કવિ કૃષ્ણલાલ શ્રીધરાણીએ લખ્યું છે તેમ ઘરે ઊગેલું આ આંબા સમાન વ્યક્તિત્વ આભે પહોંચ્યું છે.

ઉછરેલા નવ આંબા ઊગે
ઘરે ઊગેલા આભે પૂગે.

આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત સાપ્તાહિક 'વીક' (Week) દ્વારા છેક ૧૯૯૫માં કાકાને MAN OF THE YEAR તરીકે પસંદ કર્યા તે આ દિગ્ગજ માનવીનું ઉચિત સન્માન હતું. કાકાના પુત્ર દીપેશભાઇ તેમજ પુત્રવધુ પ્રીતિબેન શ્રોફ પણ પોતાનો સારો એવો સમય આરોગ્ય તથા શિક્ષણના લોક ઉપયોગી કામો માટે આપે છે.

કચ્છ એ વિસ્તારની દ્રષ્ટિએ દેશનો સૌથી મોટો જિલ્લો છે. પશ્ચિમ કચ્છના અનેક વિસ્તારોમાં આજે પણ શિક્ષણ તથા આરોગ્યની વિશેષ કામગીરી કરવી જરૂરી છે. આ પડકાર કાકાએ કાકીના સંપૂર્ણ સહયોગ તેમજ સમર્પણના બળે ઝીલ્યો અને વીઆરટીઆઇના માધ્યમથી ઘણાં યશકલગી સમાન કાર્યો સમગ્ર જિલ્લામાં કર્યા. જાહેર વહીવટની કામગીરી દરમિયાન પીવાના પાણીનો વિભાગ સંભાળવાની જવાબદારી થોડા વર્ષો સુધી મારી પાસે રહી હતી. આથી અમારી 'વાસ્મો' સંસ્થાના સહભાગી તરીકે વિવેકાનંદ રીસર્ચ અને ટ્રેઈનીંગ સેન્ટરે (વી.આર.ટી.આઇ.) જે કાર્ય કર્યું તેનાથી પીવાના પાણીનો પ્રશ્ન હલ કરવામાં ઠીક ઠીક કામ થઇ શક્યું. પાણીનો બચાવ, ઉપયોગ તેમજ સંગ્રહ એ સાંપ્રત સમયનું મોટું તેમજ મહત્વનું કામ છે. ઘણા વર્ષો પહેલા વી.આર.ટી.આઇ.માં તુલસીભાઇ ગજરાને કાર્ય કરતા જોયા હતા. આજે પણ આ સંસ્થા સમાન ગતિથી સુયોગ્ય દિશામાં હરણફાળ ભરી રહી છે. એક સંસ્થાગત માળખું ઊભું કરીને લોકસેવા માટેનું સુગ્રથિત કામ વીઆરટીઆઇએ કર્યું છે. કાકાએ વિનોબાજીને વીઆરટીઆઇ વિશે વાત કરી ત્યારે વિનોબાજીએ અંતરની પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

આ વાત નોંધાયેલી છે. કોઇ ઉદ્યોગગ્રહ હેતુપૂર્ણ રીતે ચલાવવું તે પડકારજનક છે. પરંતુ લોક હીતાર્થે થતી સામાજિક પ્રવૃત્તિ ઉદ્યોગગ્રહનું સંચાલન કરવા જેટલીજ પડકારરૂપ છે. તેમાં પણ જ્યારે આવા કાર્યોમાં દ્રષ્ટિપૂર્વક લોકભાગીદારીનું સંકલન કરવામાં આવે ત્યારે આવી સામાજિક કામગીરી વધારે મજબૂત તથા ચિરંજીવી થતી હોય છે. વીઆરટીઆઇએ આ દિશામાં સફળતાપૂર્વક પગલા ભર્યા છે જે અન્ય સંસ્થાઓ માટે માર્ગદર્શક બને તેવા છે. ''શ્રુજન'' ના વિકાસથી અનેક મહીલાઓમાં આત્મવિશ્વાસ તથા કાર્યકૂશળતાનો ભરપૂર સંચય થયો છે. કાકા જેવા માનવીને મનુષ્યની શક્તિમાં અતૂટ વિશ્વાસ છે. આથી માનવ પાછળનું તેમનું રોકાણ અનેક રીતે ફળદાયી થયું છે. કાકા તેમના સહજ વર્તન – વિચાર તેમજ આચરણથી ખરા કેળવણીકાર બની શક્યા છે. માણસની શક્તિને જાગૃત કરવાનો તેમનો નિષ્ઠાવાન પ્રયાસ નિષ્ફળ ગયો નથી. આવો ઉમદા પ્રયાસ નિષ્ફળ જતો પણ નથી. આવા પ્રયોગ અને પ્રયાસના બળેજ મહાત્મા ગાંધીએ સામાન્ય લોકોની શક્તિને સાચી દિશામાં જાગૃત કરીને બ્રિટીશ સત્તાને હંફાવી હતી તે વાતની ઈતિહાસ શાક્ષી પૂરે છે.

ગુજરાતમાં વિકાસ પામેલી મહાજન પરંપરાએ રાજ્યની સ્થિરતા તેમજ લોકની સાર્વત્રિક પ્રગતિને બળ આપેલું છે. તેનાથી સંઘર્ષ ઓછો થયો છે અને સંવાદિતા વધી છે. ગુજરાતમાં કામદારોની શાંતિ પાછળ આ ઉજળી મહાજન પરંપરા એક મહત્વના કારણ સમાન છે. મૃદુલાબહેન સારાભાઇ કે અનસુયાબહેન સારાભાઇ જેવા ધન્યનામ લોકોએ આ ઉજળી પરંપરાના વૃક્ષનું સિંચન શ્રધ્ધા તેમજ નિઃસ્વાર્થ ભાવે કરેલું છે. કાન્તીકાકા આ સુદીર્ઘ ઉજ્વળ પરંપરાના એક જીવંત સ્મારક સમાન છે. તેમના સ્વાસ્થ્ય તેમજ દીર્ઘાયુષ્ય માટે અનેક હાથ જોડાતા હશે તે નિર્વીવાદ છે.

કોમની કાણી કોડી વેડફાય નહીં : આંદોલનમાં ગાંધીજીની કરકસર

દાંડીકૂચના અઢારમા દિવસે ગાંધી અને તેમના દાંડીકૂચના સાથીઓ ઉમરાછી ગામ ખાતે રાત્રી મુકામ કરીને સવારે જયારે નીકળવાના હતા એ પહેલા ગાંધીજીને એક પ્રસંગ બાબતે જોવા જેવા છે. ગાંધીની આ ઘટના પ્રત્વેની પ્રતિક્રિયા કેવી હતી એ સમજવા જેવું છે. પ્રસંગ કંઇક આવો હતો. દાંડી યાત્રા દરમ્યાન ઉમરાછી ગામે સવારે નાસ્તા માટે બહેનોએ ચૂલા સળગાવી રોટલા ઘડવા માંડ્યા એ જોઈ ગાંધીજીએ કહ્યું × અમારા નાસ્તા ખાતર બહેનોને આવી રીતે તકલીફ લેવી ઠીક નથી × (સંદર્ભ: મારી જીવનકથા ,જુગતરામ દવે .પૃષ્ઠ ૧૦૫). અને આ રીતે બહેનોને સવારનો નાસ્તો બનાવતા જોયા પછી બીજી થોડી એવી બાબતો પણ બની કે ગાંધીજીએ કેટલાંક કડક નિયમો જારી કર્યા હતા.

ગાંધીજી જયારે વહેલી સવારે ૩ વાગે ઉઠ્યા ત્યારે રાનીપરજ બહેનોને જુવારના રોટલા કરતા તેમણે દીઠી. એને ધ્યાનમાં લેતા મહાત્મા ગાંધીએ આવો નિર્ણય લીધો હતો. કૂચના શરૂઆતના વિસ્તાર એવા ખેડા અને ભરૂચ જિલ્લામાં મળસ્કે દૂધ મળી શકે એમ ન હતું આથી એ વિસ્તાર દરમિયાન સવારના નાસ્તામાં પલાળેલા ચણાના નાસ્તાથી દાંડીકૂચના સેનાપતિ અને સૈનિકોએ સંતોષ માન્યો હતો. પણ સુરત જિલ્લામાં તો બધે જ દૂધ મળશે એવી ખાતરી અપાઈ હતી. પણ ખાતરી છતાં ઉમારાછી ગામ નાનું. ત્યાં ઝાઝું દૂઝાણું નહી વળી ઓલપાડ તાલુકાનું ગામ, એ તાલુકો ય સૂકો, એટલે શાકભાજીની પણ અછત. અવી સ્થિતિમાં સેવાવ્રતી કુંવરજીભાઇના પત્ની ગંગાબહેને પોતાની ડેરીનું બે કેન દૂધ ભેટરૂપે મોકલેલું. અને તે દૂધ ટપાલ છાપા તથા શાકભાજી વગેરે લઈને કલ્યાણજીભાઇ મોટરમાં ઉમરાછી લાવે એવી ગોઠવણ થઈ હતી. પણ મોટરને રસ્તામાં પંચર પડ્યું એટલે વખતસર દૂર પહોંચ્યુ નહીં આથી સવારના નાસ્તા માટે વેડછી તરફની રાનીપરજ બહેનોને રોટલા બનાવવાના કાર્યમાં જોડ્યા હતા. ને ગાંધીજી આ રોટલા બનાવતા બહેનોને જોઇ ગયા. આ બધો વ્યવહાર મહાત્મા ગાંધીને અવળો લાગ્યો એટલે સવારની પ્રાર્થના સભામાં તેમણે કહ્યું ''આ છેલ્લો તબક્કો છે એના આરંભે જ આપણે બધા મેલ ધોઈ નાખીએ. દાંડીને આપણે હરદ્વાર માન્યું છે તો હરદ્વાર જેવા પવિત્રધામ માટેની લાયકાત આપણે મેળવવી જોઈએ.'' – પ્રાર્થનામાં તો આટલી જ ટુંકી ટચ વાત તેમણે કરી.

અમારા નાસ્તા ખાતર બહેનોને આવી તકલીફ લેવી ઠીક નથી

સવારે સમયસર દૂધ ના આવ્યું, એટલે રાબ ના બની, પણ દાંડી કૂચ તો સમયસર ચાલી જ. દૂધ તો ગંગાબેન તરફથી ભેટનું હતું. તેની બાપુને ખબર ન હતી એટલે તેમને તો નેવાના પાણી મોભે ચઢાવવા જેવું લાગ્યું હતું. ને તેમણે નિસાસો પણ નાંખ્યો હતો, ' હે રામ, ગજબ છે ને'. પાંચ માઈલ ચાલીને જ્યારે ગાંધી સંઘ એરથાણ ગામે પહોચ્યોં. એ પછી ખાસા સમયે ત્યાં રેંટીયા પહોંચ્યા હતા. ઓલપાડ તાલુકામાં રેટીયા પ્રચાર ઓછો એટલે બારડોલી આશ્રમમાંથી રેંટીયા ગાડામાં મંગાવવામાં આવ્યા હતા. જે દસ વાગી આવ્યા હતા. ગાંધીજીને આ રીતે રેંટિયા લાવવાનું કાર્ય સમય અને નાંણા બન્ને દ્રષ્ટીએ ઘણું ખર્ચાળ લાગતા દુઃખ થયું હતું. વળી જમવા બેઠા ત્યારે બાપુજીની ચકોર આંખે જોઈ લીધું કે રોજ વપરાતા કાચના પ્યાલાને બદલે નવો પ્યાલો હતો! ગાંધીજી લીંબુ અને મધવાળું પાણી પીવાના ઉપયોગમાં લેતા તે પ્યાલો ભરૂચ જિલ્લામાં ફૂટી ગયો હતો તેથી નવો પ્યાલો લાવવા પ્યારેલાલજીએ કલ્યાણજીભાઈને સૂચના આપી હતી. કલ્યાણજીભાઈએ હવે પછીનો કૂચનો માર્ગ ખૂબ નાના ગામોનો અને બજાર વગરના ગામોનો હોઈ લાંબો વિચાર કરીને તેમણે જો ફરી પાછો પ્યાલો ફૂટે તો? તુરત લાવવામાં મુશ્કેલી પડે એમ વિચારીને એક ને બદલે બે પ્યાલા લઈ લીધા હતા. પ્યાલાની કિંમત તો માત્ર છ પૈસા હતી પણ ગાંધીજીને ઉપયોગમાં લેવાતો પ્યાલો ફૂટ્યો કેવી રીતે? અને લાવ્યાતો એક ને બદલે બે પ્યાલા શું કામ લાવ્યા? તે વાત ખટકી હતી. આમાં પાછુ ઓછું હોય એમ કલ્યાણજીભાઈ બાપુ માટે સંતરા સાથે લીલી દ્રાક્ષ લઈ આવ્યા હતા અને સૈનિકો માટે સુરતથી દુધી-ટામેટા પણ લઈ આવ્યા હતા.આ બધા પ્રસંગોથી ગાંધીજી ખિન્ન થઈ ગયા હતા. સમસમી ઉઠેલા ગાંધીજીએ આ માટે પ્રાયશ્ચિતનો માર્ગ લીધો હતો.

દાંડી યાત્રામાં તેમણે લીંબુ સિવાયના તમામ જાતના ફળનો ત્યાગ કરવાનો નિર્ણય લીધો હતો બારડોલી વાળા રેંટિયા પણ સાથે નહીં લેવાનો નિર્ણય કર્યો. બધાએ

ગાંધી ૧૦૦
ડૉ. રાજેન્દ્ર જાની

રેંટિયાના બદલે તકલી ઉપર જ ૧૬૦ વાર નિયમિત કાંતવાનું તેમણે ઠરાવ્યું. અને પોતે તો તકલી ઉપર કાંતવાનું શરૂ જ કરી દીધું હતું.

આમ જોઈએ તો ઉમરાછી ગામમાં ઉપરાછાપરી બનેલા અને સીધી દ્રષ્ટિએ સાવ લાગતા નાનકડા પ્રસંગોએ ગાંધીને કેવા નિર્ણય લેવડાવ્યા હતા એ દર્શાવે છે. ઉપરછલ્લી રીતે ગાંધીજીની તેમાં કડકાઈ પણ દેખાય છે. પણ જો આપણે ગાંધીજીએ જે ઝીણું કાંતવાનો સ્વભાવ, સ્વાતંત્ર સંગ્રામની લડતમાં લોકોની સેવા લેવાની નહીં બલ્કે સેવા દેવાની વૈચારિક સ્પષ્ટતા જોવા મળે છે, એની નોંધ લઈએ તો કેટલીક સ્પષ્ટ વાતો આપણને સમજાય એવી છે.

ગાંધીજી એમના અડગ નિર્ણયોમાંથી સમજાવે છે કે દાંડીકૂચના સૈનિકો-સત્યાગ્રહીઓ દેશની સેવા કરવા માટે નીકળ્યા છે એટલે લગભગ કોઈની પાસેથી સેવા લેવાની વૃત્તિ તો ના જ હોવી જોઈએ. જો સત્યાગ્રહીઓ માટે સવારના પહોરમાં નાસ્તા માટે ગ્રામીણ મહિલાઓ મજૂરી કરે એ યોગ્ય ના કહેવાય. ઉપરાંત સ્વાતંત્ર્ય આંદોલનમાં દાનમાં મળેલી રકમમાંથી એક પાઈ પણ ખોટી ના વપરાય એ જરૂરી હતું. આ સંજોગોમાં પ્યાલો ફૂટી જાય એ ના ચાલે. અને સાથે સાથે જરૂર જો એક પ્યાલાની હોય તો બે પ્યાલાનો ખર્ચ કરવો ના જોઈએ. ગાંધીજીની આ કંજુસી ન હતી પરંતુ કરકસર હતી. અને રેંટિયા બારડોલીથી મંગાવીને જો કાંતવાનું હોય તો એ લાવવાનો ખર્ચ ખોટો ખર્ચ કહેવાય. એને પણ તેમણે બંધ કરવો જ જોઈએ. પૈસા ભલે દાન સખાવતમાં મળેલા હોય પણ એ મળ્યાં છે કોમ માટે, આ સાર્વજનિક કામોમાં આવેલા પૈસાનો ખોટો ખર્ચ ના થાય એની તકેદારી રાખવાનું પણ તેમણે સમજાવ્યું હતું. આ બધા પ્રયોગો તેમણે પોતાની જાત ઉપર જ કરીને એક દ્રષ્ટાંત બેસાડ્યું હતું. અને એટલે જ તેમણે યાત્રામાં લીંબુ સિવાયના તમામ ફળોનો ત્યાગ કરવાનો નિર્ણય લીધો હતો. ગાંધી આ રીતે જાત પર અંકુશ લાદીને અન્યોને આ જ રીતે કરકસરથી આંદોલન ચલાવવા અને જીવન જીવવા માટે હર હંમેશ પ્રયત્નશીલ રહ્યા હતા.